E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 10 * Issue No. 303 * Date: 23.08.2024,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# આંધ્રપ્રદેશમાં ફાર્મા ફેક્ટરીમાં આગ, ૧૭ના મોત



આંધ્રપ્રદેશના અનાકાપલ્લે જિલ્લામાં બુધવારે (૨૧ ઓગસ્ટ) બપોરે લગભગ ૨.૧૫ વાગ્યે એક ફાર્મા કંપનીમાં આગ લાગી હતી. આગમાં ૧૮ લોકોના મોત થયા હોવાની માહિતી સામે આવી છે. મોડી રાત્રે પ્રશાસને ૧૭ લોકોના મોતની પુષ્ટિ કરી હતી. જ્યારે ૩૬ લોકો ઘાયલ થયા છે. દરેકને જિલ્લાની એનટીઆર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.આ ઘટના અચ્યુતાપુરમ જીઈઢ ખાતે ફાર્મા કંપની એસ્કિએંટિયા (છજીૈીહૈંટ્ઠ)ના પ્લાન્ટમાં બની હતી. નજરેજાનારેએ જણાવ્યું કે, પહેલા કંપનીના રિએક્ટર પાસે આગ જોવા મળી, પછી જોરદાર વિસ્ફોટ થયો. જેના કારણે બિલ્ડીગના પહેલા માળનો સ્લેબ ધરાશાયી થયો હતો.લોકોએ જણાવ્યું હતું કે ઘાયલોની સંખ્યા વધુ હોઈ શકે છે કારણ કે કંપનીમાં ૩૮૧થી વધુ કર્મચારીઓ બે શિફ્ટમાં કામ કરે છે. ઘટના સમયે મોટાભાગના કર્મચારીઓ જમવા ગયા હતા.અધિકારીઓએ જણાવ્યું કે જ્યારે લીકેજ થયું અને આગ લાગી ત્યારે સોલવન્ટ ઓઈલને પહેલા માળેથી બીજા માળ સુધી પમ્પ કરવામાં આવી રહ્યું હતું. જેના કારણે ૫૦૦ કિલોલિટરના કેપેસિટર રિએક્ટરમાં બ્લાસ્ટ થયો હતો.ઘાયલોને જરૂર પડ્યે એર એમ્બ્યુલન્સ દ્વારા અન્ય હોસ્પિટલમાં લઈ જવાનો નિર્દેશ આપ્યો છે. આરોગ્ય સચિવને સ્થળ પર મોકલવામાં આવ્યા છે. સીએમ પોતે આજે ફેક્ટરીની મુલાકાત લેશે. તેઓ મૃતકોના પરિવારજનોને મળશે અને ઘાયલોને જોવા હોસ્પિટલ પણ જશે.તેમજ, ડેપ્યુટી સીએમ પવન કલ્યાણે અધિકારીઓને ફેક્ટરીઓમાં સેફ્ટી ઓડિટ કરાવવાના નિર્દેશ આપ્યા છે. તેમજ સલામતીના ધોરણો અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવા જણાવ્યું હતું.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. વડાપ્રધાને મૃતકોના પરિવારજનોને ૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની એક્સ-ગ્રેશિયા રકમની જાહેરાત કરી છે. બીજી તરફ તેમના સ્વજનોને શોધી રહેલા લોકોએ આરોપ લગાવ્યો કે અધિકારીઓએ તેમને સાચી માહિતી આપી નથી.

કમિકલ અને એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈંગ્રીડિએંટ્સ ની ઉત્પાદક એસિએંટિયા એડવાન્સ સાઈંસેઝ એ આ ફેક્ટરી રૂ. ૨૦૦ કરોડના રોકાણ સાથે શરૂ કરી હતી. તેનું પ્રોડક્શન એપ્રિલ ૨૦૧૯માં શરૂ થયું હતું.૨૩ મેના રોજ મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ડોમ્બિવલીમાં એક કેમિકલ ફેક્ટરીમાં બોઈલર વિસ્ફોટને કારણે આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ૯ના મોત થયા હતા અને ૬૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં ૬ પુરૂષ અને ૨ મહિલાઓનો સમાવેશ થાય છે. તેમના મૃતદેહ એટલા સળગી ગયા હતા કે તેમની ઓળખ થઈ શકી ન હતી. આ ફેક્ટરી મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન એટલે કે સૈંઢ્ઢઝ ફેઝ-૨ના કેમ્પસમાં આવેલી છે.

આ વર્ષે એપ્રિલમાં તેલંગાણાના સાંગારેડ્ડી જિલ્લામાં એક કેમિકલ ફેક્ટરીમાં રિએક્ટરમાં થયેલા વિસ્ફોટમાં પાંચ લોકોના મોત થયા હતા. જ્યારે ૧૦ ઘાયલ થયા હતા. વિસ્ફોટના સમયે બિલ્ડિંગમાં ૫૦ લોકો હતા જે ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો તેનું નામ એસબી ઓર્ગેનિક્સ લિમિટેડ છે. બ્લાસ્ટ બાદ ફેક્ટરીમાંથી કાળા ધુમાડાના ગોટેગોટા નીકળી રહ્યા હતા.

## જેએનયુ ફરી ચર્ચામાં, નાણાકીય સંકટને લીધે સંપત્તિ વેચવાનો પ્લાન બનાવતા વિદ્યાર્થીઓ રોષે ભરાયા

દેશની ટોચની યુનિવર્સિટી પૈકી એક જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (त्नढ्ढें) આર્થિક કટોકટીનો સામનો કરી રહી છે, જેમાંથી ઉભરવા યુનિવર્સિટી પોતાની બે ટોચની સંપત્તિ વેચવાની યોજના બનાવી રહી છે. આ પગલું યુનિવર્સિટીના સંચાલનને સમર્થન આપવા માટે મૂડી એકત્ર કરવા અને સ્થિર આવક સ્રોત ઉભો કરી શકે છે. જો કે, જેએનયુના વિદ્યાર્થી સંગઠન યુનિવર્સિટીના આ પગલાંનો વિરોધ કરી રહ્યા છે. તેમનું માનવુ છે કે, જો જેએનયુ તેનું ગેસ્ટહાઉસ વેચી દેશે અથવા તો લીઝ પર આપશે, તો વિદેશી મહેમાનોએ હોટલમાં રોકાવુ પડશે અને તેનું બિલ કોણ ચુકવશે?યુનિવર્સિટી આ મિલકતોને ખાનગી સંસ્થાઓને



રિડેવલપમેન્ટ અથવા લીઝ પર આપવાનું વિચારી રહી છે. આ મિલકતોમાં એક મંડી હાઉસ ખાતે આવેલ ગેસ્ટ હાઉસ છે, જે જેએનયુના મુખ્ય સ્થળોમાંનું એક છે. જેએનયુના સૂત્રોના જણાવ્યા અનુસાર આ ગેસ્ટ હાઉસનો ઉપયોગ લાંબા સમયથી યુનિવર્સિટીના કોઈ ખાસ કામ માટે કરવામાં આવી રહ્યો નથી. તેમ છતાં આ ગેસ્ટ હાઉસની જાળવણી સાથે સંકળાયેલા કર્મચારીઓનો પગાર હજુ પણ યુનિવર્સિટીના બજેટમાંથી ચૂકવવામાં આવતો હોવાથી આર્થિક બોજ વધી રહ્યો છે અન્ય વિદ્યાર્થી સંગઠનોએ જેએનયુ પ્રશાસનની આ યોજનાની આકરી ટીકા કરી રહ્યા છે.

## રાજ્યોમાં પશ્ચિમ બંગાળ, પાર્ટીમાં ભાજપના પ્રતિનિધિઓ વિરુદ્ધ સૌથી વધુ કેસ

કોલકાતા બળાત્કાર કેસ અને બદલાપુરમાં છોકરીઓની જાતીય સતામણીના કેસ પછી, એસોસિયેશન ફૉર ડેમોક્રેટિક રિફોર્મ્સ (છડ્ઢઈ) એ મહિલાઓ વિરુદ્ધ ફોજદારી કેસ ધરાવતા નેતાઓનો રિપોર્ટ જાહેર કર્યો છે. રિપોર્ટ અનુસાર, દેશમાં ૧૬ સાંસદો અને ૧૩૫ ધારાસભ્યો (કુલ ૧૫૧ જનપ્રતિનિધિઓ) વિરુદ્ધ મહિલાઓ વિરુદ્ધ અપરાધના કેસ નોંધાયેલા છે કલમ ૩૭૬ હેઠળ ૧૬ જનપ્રતિનિધિઓ વિરુદ્ધ બળાત્કારનો કેસ નોંધવામાં આવ્યો છે. જેમાં ૨ સાંસદો અને ૧૪ ધારાસભ્યોનો સમાવેશ થાય છે. એક જ પીડિતા પર વારંવાર બળાત્કાર જેવા જઘન્ય કિસ્સાઓ પણ છે. જો દોષી સાબિત થાય તો તેમને આજીવન કેદની સજા થઈ શકે છે.મહિલાઓ વિરુદ્ધ અપરાધના મામલામાં પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ સાંસદો અને ધારાસભ્યો છે. અહીં ૨૫ વર્તમાન જનપ્રતિનિધિઓ સામે આવા કેસ નોંધાયેલા છે. આ પછી આંધ્ર પ્રદેશના ૨૧ અને ઓડિશાના ૧૭ જનપ્રતિનિધિઓ મહિલાઓ વિરુદ્ધ અપરાધોના કેસનો



સામનો કરી રહ્યા છે.રિપોર્ટ તૈયાર કરવા માટે, છડ્ઢઈએ વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચેના ચૂંટણી એફિડેવિટ્સની તપાસ કરી છે. ચૂંટણી પંચમાં દાખલ કરાયેલા ૪૬૯૩ સોગંદનામામાંથી ૪૮૦૯ની તપાસ કર્યા બાદ તૈયાર કરાયેલા રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે ભાજપના કુલ ૫૪ વર્તમાન સાંસદો અને ધારાસભ્યો મહિલાઓ વિરુદ્ધના ગુનાઓનો સામનો કરી રહ્યા છે.આ રિપોર્ટ પર અનેક ભલામણો પણ જારી કરી છે. જેમાં રાજકીય પક્ષો દ્વારા ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોને ટિકિટ ન આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે. સંગઠને કહ્યું છે કે જે લોકો પર બળાત્કાર અને મહિલાઓ વિરુદ્ધ ગુનાનો આરોપ છે તેમને કોઈપણ સંજોગોમાં ટિકિટ ન મળવી જોઈએ.

## એર ઈન્ડિયાના વિમાનમાં બોમ્બની ધમકી બાદ હડકંપ, તિરુવંનતપુરમ એરપોર્ટ પર ઈમરજન્સી જાહેર




એર ઈન્ડિયાની એક ફ્લાઈટને બોમ્બથી ઉડાડી નાખવાથી ધમકી મળતાં હડકંપ મચી ગયું. આ વિમાન મુંબઈથી તિરુવનંતપુરમ જ જઈ રહી હતી. જોકે ધમકી મળ્યાં બાદ તિરુવનંતપુરમ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી હતી. એરપોર્ટના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ આ વિમાને લગભગ સવારે ૮ વાગ્યે તિરુવનંતપુરમ એરપોર્ટ પર લેન્ડ કર્યું અને પછી તેને આઈસોલેશન બેમાં લઈ જઈ તપાસ હાથ ધરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે આ વિમાનમાં ૧૩૫ મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા.

## ૩,૦૦,૦૦૦ કાર ગુમ! અનેક કંપનીઓનું ભવિષ્ય જોખમમાં, બેન્કોનું આવી બનશે, ૨૮,૦૦૦ કરોડની લોનનું શું?

ભારત દેશ અને તેની વાતો- હર હંમેશ અનેરી જ હોય છે. દેશમાંથી મહિલાઓ-માજસી ગુમ થવા કે પછી ઘરો-ઓફિસોમાંથી માલસામાન ગુમ બાબતો ગઈ તેવામાં હવે ભારતના ઓટોમોબાઈલ સેક્ટરમાંથી ૩ લાખ કાર જ ગુમ થવાનો વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. ઓટો સેક્ટરના માંકડાનું સંચાલન કરતી બંને સંસ્થાઓ આ મામલે એકબીજાની સામે પડી છે અને ચોપડા દર્શાવીને એકબીજા પર આરોપ-પ્રત્યારોપણ કરી રહી છે.ભારતના કાર નિર્માતાઓ અને તેમના ડીલરો મંદ માંગની વચ્ચે ઈન્વેન્ટરી લેવલ પર એકબીજા સાથે લડી રહ્યા છે. તેવામાં હવે સ્ટોક મામલે ફાડા અને શિવામ વચ્ચે જ ગજગ્રાહ ઉભો થયો છે. દેશભરના ઓટો ડીલર્સની સંસ્થા ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા) કહે છે કે તેમના મેમ્બર્સ પાસે બે મહિનાથી વધુના વેચાણ સમકક્ષનો સ્ટોક છે એટલે કે અંદાજે ૭,૩૦,૦૦૦ યુનિટ સ્ટોકમાં છે. જ્યારે સામે પક્ષે સિયામ એટલે કે કાર ઉત્પાદકોની સંસ્થા દલીલ કરી રહી છે કે તેમની પાસે તો આ સૂચવેલ સ્ટોક કરતા લગભગ અડધો જ સ્ટોક ૪,૦૦,૦૦૦ - ૪,૧૦,૦૦૦ યુનિટ જેટલો સ્ટોક છે. વિશ્વના ત્રીજા સૌથી મોટા ઓટો માર્કેટ ભારતીય બજારમાં પેસેન્જર વ્હીકલનું વેચાણ જુલાઈમાં બે વર્ષમાં પ્રથમ વખત ઘટયું હતું. ધીમી માંગને કારણે ડીલરશીપની ઈન્વેન્ટરીમાં વધારો થયો હતો અને તેના કારણે કાર ઉત્પાદકોને તેમની ચેનલો પર



ડિસ્પેચ (વેચાણ તરીકે ગણવામાં આવે છે) ઘટાડવાની ફરજ પડી હતી. જુલાઈમાં વેચાણ વાર્ષિક ધોરણે ૨.૫ ટકા ઘટીને ૩,૪૧,૦૦૦ યુનિટ થયું છે. ક્રિસીલે એક નોંધમાં જણાવ્યું કે આગ વિના ધુમાડો શક્ય જ નથી. ડીલરો પાસે હાલ ૫૫-૬૦ દિવસની ઈન્વેન્ટરી છે. બજારમાં ઓફર થઈ રહેલ ખૂબ જ ઉચ્ચ સ્તરનું ડિસ્કાઉન્ટ આ બાબતનું સૂચક છે કે સ્ટોક ભરપુર પડ્યો છે. ફાડા પ્રમુખ મનીષ રાજ સિંઘાનિયાએ એક પત્રમાં લખ્યું કે 'અમે ઓટીમેસર્સને માંગ સાથે સપ્લાય ગોઠવવા વધુ - આકર્ષક સ્કીમો શરૂ કરવા અરજી કરી છે જેથી તે ડીલરોની ઈન્વેન્ટરીને ઘટાડવામાં મદદ કરે અને ઈન્વેન્ટરી ૩૦ દિવસ સુધી ઘટી શકે. અમારા મતે, ૩૧ જુલાઈના રોજ સેલ્સ ચેનલોમાં ઈન્વેન્ટરી ૬૭-૭૨ દિવસની અથવા ૭,૩૦,૦૦૦ યુનિટ્સ હતી. રૂ. ૧૦ લાખની સરેરાશ યુનિટની વેચાણ કિંમત સાથે આ ઈન્વેન્ટરીનું મૂલ્ય અંદાજે રૂ. ૭૩,૦૦૦ કરોડની આસપાસ છે. ફાડાએ ડીલરો પર સ્ટોક થોપવાના વિરોધમાં સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચર્સ (સિયામ)ને બે મહિના કરતા ઓછા સમયમાં બે વાર પત્ર લખીને આક્રોશ વ્યક્ત કર્યો છે. સિયામના પ્રમુખ વિનોદ અગ્રવાલે જણાવ્યું કે ડીલરોની ચિંતાઓ વધી રહી છે ત્યારે કંપનીઓસાથે સીધો સંવાદ કરવો જોઈએ. આ સીલાર અને ઉત્પાદકો વચ્ચેનો મામલો છે કે જેમની પાસે વધારે ઈન્વેન્ટરી છે.

## તંત્રી લેખ....

# અમૂલ વિશ્વની સૌથી મજબૂત ફૂડ બ્રાન્ડ

બ્રાન્ડ ફાઈનાન્સના ગ્લોબલ ફૂડ એન્ડ ડ્રિંક્સ રિપોર્ટ ૨૦૨૪માં અમૂલ વિશ્વની સૌથી મજબૂત ફૂડ બ્રાન્ડ છે. આનું કારણ એ છે કે કંપનીનો પ્રભાવશાળી બ્રાન્ડ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ (મ્જીૈ) સ્કોર ૧૦૦ માંથી ૯૧ છે, જેના કારણે તેને છછછ રેટિંગ મળ્યું છે. કંપનીની બ્રાન્ડ વેલ્યુમાં ૨૦૨૩ થી ૧૧ ટકાનો વધારો જોવા મળ્યો છે, જે નવીનતમ રેક્રિંગમાં ઈ૩.૩ બિલિયન સુધી પહોંચી ગયો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ દ્વારા કંપનીએ જણાવ્યું કે 'અમને શેર કરતાં આનંદ થાય છે કે ફૂડ એન્ડ ડ્રિંક ૨૦૨૪ દ્વારા અમૂલને વિશ્વની સૌથી મજબૂત ફૂડ બ્રાન્ડ તરીકે દર્શાવામાં આવી છે, જે વિશ્વની અગ્રણી બ્રાન્ડ ફાઈનાન્સ દ્વારા સૌથી મૂલ્યવાન અને સૌથી મુલ્યવાન ખાદ્ય, ડેરી અને નોન-આલ્કોહોલ ડ્રિંક બ્રાન્ડ્સ પરનો વાર્ષિક રીપોર્ટ છે.

બ્રાન્ડ કન્સલ્ટન્સીને ડેરી બ્રાન્ડનો દરજ્જો આપવામાં આવ્યો છે. અમૂલનું છછછ બ્રાંડ સ્ટ્રેન્થ રેટિંગ છે, જેમાં બ્રાંડ વેલ્યુમાં નજીવો ૦.૫ ટકાનો ઘટાડો ઈ૩.૯ બિલિયન જોવા મળ્યો હતો, જે ગયા વર્ષે યાદીમાં ટોચ પર રહ્યા પછી બીજા સ્થાને આવી ગયું હતું. હાલમાં, અમૂલ ભારતના ડેરી માર્કેટમાં લગભગ ૭૫ ટકા દૂધ બજાર, ૮૫ ટકા બટર માર્કેટ અને ૬૬ ટકા ચીઝ માર્કેટ સાથે પ્રભુત્વ ધરાવે છે. વ્યાપક બજારમાં, નેસ્લે વૈશ્વિક સ્તરે સૌથી મૂલ્યવાન ફૂડ બ્રાન્ડ છે, જેનું મૂલ્ય ઈ૨૦.૮ બિલિયન છે. લેઝ ઈ૧૨ બિલિયનના મૂલ્યાંકન સાથે બીજા સ્થાને પહોંચી ગયું છે અને નોન-આલ્કોહોલ બેવરેજીસ સેક્ટરમાં, કોકા-કોલા સતત આગળ છે, ત્યારબાદ પેપ્સી બીજા સ્થાને છે.

# હિસાબ ચિત્રગુપ્ત રાખે, ઓડિટ ખાતું સદેહે જઈને વિકર સેકશન માટેના બનાવેલા મકાનોનો હિસાબ લઈ આવે!!!

"આવું કેમ ચલાવી લેવાય?"રાજુ રદી છાપાનું કટિંગ લઈને મારા ઘરમાં વાવાઝોડાની જેમ પ્રવેશ્યો.

" શું નહીં ચલાવાય"મેં રાજુને પૂછયું.

"આ છાપામાં આવ્યું તે ?" રાજુ રદીએ ફરી એ જ વાત રીપીટ કર્યું.

"નેશનલ સિકયુરી એડવાઈઝરના ઘરની સુરક્ષામાં ચુંક ન ચલાવાય!" મેં રાજુને સમર્થન આપ્યું.

" ગિરધરભાઈ શું ફેંકમ ફેંક કરો છો!!" રાજુએ ગુસ્સો વ્યક્ત કર્યો.
" યુક્રેનના મંત્રીએ ભારત રશિયા પાસેથી ડિસ્કાઉન્ટેડ ડિઝલ ખરીદે તેમાં યુક્રેનનું લોહી ભળેલ છે તેવું કહ્યું. આ ન ચલાવી લેવાય!!" મેં વિદેશી મસલો રજૂ કર્યો.
" વીલ યુ શટઅપ, ગિરધરભાઈ?" રાજુએ મને મેકોલો માધ્યમમાં ધમકાવ્યો.

સ્વિસ પ્રધાનમંત્રીએ મદિરા પીને ડાન્સ કર્યો, તેનો વિડીયો ઉતારીને અપલોડ કર્યો. "પ્રધાનમંત્રીએ મદિરાનું સેવન ન કરાય ? આ બાબત ન ચલાવી લેવાય. કંઈ નીતિમત્તા જેવું હોય કે નહીં?" મે મોરલ પોલિસિંગ કર્યું.
" ગિરરરરરઘરભાઈઈઈ!" રાજુનો ગુસ્સો ગેસના બાટલાની જેમ ફાટ્યો !!
"રાજુ. હવે તું બતાવ કે તને પેટમાં કયાં અને કેમ દુખે છે.?" અમે હથિયાર હેઠા મુક્યા.
" અમદાવાદમાં વિકર સેકશન માટે મકાન બનાવાયા. લોકો પાસેથી અરજીઓ મંગાવાઈ" રાજુએ વાતની માંડણી કરી.
"હમમ્ બરાબર." મે મમરો મુકયો.
" લોકોએ કરેલી અરજીમાંથી ડ્રો કરી લાભાર્થીને મકાન ફાળવાયા. લોકો રહેવા આવી ગયા." રાજુએ સ્કિમના અમલીકરણની વિગતો બ્યાન કરી.
" હવે પ્રોબ્લ્મ શું છે?" અમે ગૂંચવાયા.

" મહાનગરપાલિકાએ ઓડિટ ખાતાને કેન્દ્ર અને રાજ્ય સરકારે આપેલ ગ્રાંટ , ખર્ચ, કેટલી અરજી મળી, દરેક અરજીદીઠ કેટલી રકમ વસુલાઈ, ડિપોઝીટ કેટવી લીધી, કોન્ટ્રેકટર પાસેથી ડિફેકટ લાયેબિલીટી ડીપોઝીટ વસૂલ કરવાપાત્ર છે? વગેરે વિગતો પાંચ વરસથી આપી નથી."રાજુ રદીએ ઓડિટ પારા કાઢ્યા.

" રાજુ. હિસાબ તો ચિત્રગુપ્ત રાખે છે. ઓડિટ ખાતાએ ચિત્રગુપ્ત પાસે સદેહે જઈને વિગતો લઈ લેવી જોઈએ!" મે હિસાબ મેળવણી અંગે સૂચન કર્યું!!

" ગિરધરભાઈ. આ ઓડિટની જરૂર શું છે?? ઘોડો ભાગી છૂટે પછી તબેલાને તાળું મારવું એનું નામ ઓડિટ. મરેલા મડદા ચૂંથવાથી કે પાણી વલોવવાથી શું ફાયદો?" રાજુએ તર્ક રજૂ કર્યો!!

" રાજુ . ઓડિટ ખાતાને રોટલાથી નહીં પણ ટપટપથી કામ હોય છે. ચાલતા બળદને આર મારવાનું કામ ઓડિટ કરે છે.ઓડિટવાળા ચકલા ચૂંથે છે.તે વોચડોગ છે, હન્ટિંગ ડોગ એટલે શિકારી કૂતરો નથી."રાજુએ ઓડિટ ખાતાના છોતરા ઉડાવ્યા!!

"ગિરઘરભાઈ.ઓડિટ કર્યા સિવાય સરકારી કામ છે તેની સાબિતી મળી જશે.બેત્રણ મહિનામાં છતના પોપડા ખરે એટલે લોટ, પાણી ને લાકડા જેવું મજબુત કામ થયું હોવાનો પુરાવો મળી જશે. નળની ચકલીઓ ટાઢા ટબુકલાની જેમ ટપકવા માંડશે. ચોમાસામાં છતમાંથી પાણી ચુંવા મંડશે.બાથરૂમમાં લિકેજ થશે!!" રાજુએ સરકારી મકાનોની પોલ ખોલી નાંખી .
" રાજુ. હિસાબનું એવું છે ને કે. તમે કોઈ પાસેથી સો રૂપિયા ઉછીના લીધા. પૈસાની ઉઘરાણી કરે એટલે દેવાદાર કહે સો કે ગયે સાંઠ બાકી ગયે નાઠ. દસ દેંગે, દસ દિલાયેંગે, દસ કી પગડી બંધવાયેંગે, દસ મેં લેને દેને કા કયા! છે ને અદ્ભૂત હિસાબ???"
રાજુ રદી પાસે હા પાડવા સિવાય કયાં કોઈ વિકલ્પ રહેતો હતો???
ભરત વૈષ્ણવ

# ગુજરાતમાં નોકરી કરતી મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા પ્રબળ માંગ

કલકત્તામાં નોકરીના સ્થળે જ હોસ્પિટલમા એક મહિલા ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યાની દુખદ ઘટના બની છે જે ખુબ જ શરમજનક છે. ગુજરાતમા પણ કેટલીક કચેરીમાં મહિલા કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી આપી શારિરિક અને માનસિક ત્રાસ આપવાની ઘટનાઓ અવાર નવાર બનતી હોય છે ત્યારે કલકત્તા જેવી ઘટનાનું પુનરાવર્તન ગુજરાતમા ન થાય તેમજ મહિલા કર્મચારીઓ બેખોફ નોકરી કરી શકે એ માટે યોગ્ય કાર્યવાહી કરવા આજે મહિલા અધિકાર મંચ દ્વારા રાજ્યના તમામ જીલ્લાઓના કલેકટરશ્રીને આવેદન આપવા અંતર્ગત આજે ગાંધીનગર ખાતે કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું

મહિલા અધિકાર મંચના ગાંધીનગર જિલ્લા કન્વીનર એડવોકેટ શર્મિષ્ઠા સેંગલે જણાવ્યું હતું કે સરકારી કચેરીઓ અને સંસ્થાઓમાં નોકરી કરતા મહિલા કર્મચારીઓની સુરક્ષા બાબતે ગુજરાત સરકાર જરા પણ ગંભીર નથી અગાઉ સુરેન્દ્રનગર જિલ્લામાં મેડીકલ ઓફિસરના ત્રાસથી મહિલા આરોગ્ય કર્મચારીએ આપઘાત કર્યો હતો એવી જ ઘટના નવસારીમાં પણ બની હતી આણંદ જિલ્લામાં તો મહિલાઓ સાથે અભદ્ર વર્તન કરનાર આયુષ તબિબોને એમના વતન નજીક બદલી કરી એમને આડકતરું પ્રોત્સાહન આપવામાં આવ્યું આમ સરકારના મહિલા સુરક્ષા બાબતે ઢીલા વલણના કારણે તેમજ દુર્ઘટના બાદ જ ઉંઘમાંથી જાગવાની ગુજરાત સરકારની વૃત્તિના કારણે કલકત્તા જેવી ઘટના ગુજરાતમાં પણ બને એમ હોઈ મહિલા અધિકાર મંચ દ્વારા દરેક સરકારી કચેરીઓ અને સંસ્થાઓમાં સીસીટીવી લગાવવામાં આવે તેમજ મહિલા કર્મચારીઓને માનસિક અને શારીરિક ત્રાસ આપનાર અધિકારી કે કર્મચારીને નોકરીમાંથી કાઢી મુકી ફોજદારી ગુનો દાખલ કરવામાં આવે એ મુખ્ય માંગ સાથે કલેકટરને આવેદનપત્ર આપવાની સાથે

જો સરકાર દ્વારા માગણી અવગણવામાં આવશે તો મહિલાઓની સુરક્ષા માટે ગુજરાત સરકાર વિરુદ્ધ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ડો મિતાલીબેન સમોવાએ ઉચ્ચારી હતી

# શિવના બાર જ્યોર્તિલિંગની કથા અને મહત્વ

૧૨ જ્યોર્તિલિંગનો મહત્વ અને મહિમા. ભગવાન શિવની ભક્તિનો મહિનો ચાલુ છે. શિવમહાપુરાણ અનુસાર, એકમાત્ર ભગવાન શિવ એકમાત્ર દેવતા છે જે નિરર્થક અને સફળ બંને છે. આ જ કારણ છે કે એકમાત્ર શિવની પૂજા લિંગ અને મૂર્તિ બંને સ્વરૂપોમાં કરવામાં આવે છે. ભારતમાં ૧૨ મોટા જ્યોર્તિલિંગ છે. આ બધાનું પોતાનું મહત્વ અને મહિમા છે.એવું પણ માનવામાં આવે છે કે જો સાવન મહિનામાં ભગવાન શિવના જ્યોર્તિલિંગો જોવામાં આવે તો જન્મ પછી જન્મની સમસ્યાઓ દૂર થાય છે. આ જ કારણ છે કે શ્રાવણ મહિનામાં ભારતના ૧૨ જ્યોર્તિલિંગોની મુલાકાત માટે ભક્તો ઉમટતા હોય છે. આજે અમે તમને આ ૧૨ જ્યોર્તિલિંગનું મહત્વ અને મહિમા જાણીએ..

૧.સોમનાથઃ સોમનાથ જ્યોર્તિલિંગને ફક્ત ભારત જ નહીં પરંતુ આ પૃથ્વીનો પ્રથમ જ્યોર્તિલિંગ માનવામાં આવે છે. આ મંદિર ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલું છે. આ મંદિર વિશે એવું માનવામાં આવે છે કે જ્યારે દક્ષા પ્રજાપતિ દ્વારા ચંદ્રને શ્રાપ આપવામાં આવ્યો હતો, ત્યારે ચંદ્રએ આ સ્થાન પર ધ્યાન કર્યું હતું અને આ શ્રાપથી મુક્તિ મેળવી હતી. એવું પણ કહેવામાં આવે છે કે આ શિવલિંગની સ્થાપના ખુદ ચંદ્રદેવે જ કરી હતી. વિદેશી આક્રમણને કારણે તે ૧૭ વખત નાશ પામ્યુ છે. દરેક વખતે તે તુટે છે અને તેની રચના કરવાનું ચાલુ રાખે છે.

૨.મલ્લિકાર્જુનઃ આ જ્યોર્તિલિંગ આંધ્રપ્રદેશમાં કૃષ્ણ નદીના કિનારે શ્રીસૈલ નામના પર્વત પર સ્થિત છે. આ મંદિરનું મહત્વ ભગવાન શિવના કૈલાસ પર્વત જેવું જ કહેવાય છે. ઘણા ધાર્મિક ગ્રંથો તેના ધાર્મિક અને પૌરાણિક કથાને સમજાવે છે.

એવું કહેવામાં આવે છે કે આ જ્યોર્તિલિંગને જોઈને જ વ્યક્તિને તેના બધા પાપોથી મુક્તિ મળે છે. એક દંતકથા અનુસાર, જ્યાં આ જ્યોર્તિલિંગ સ્થિત છે, તે પર્વત પર શિવની પૂજા કરવાથી વ્યક્તિને અશ્વમેધ યજ્ઞ જેવા પુણ્યફળ પ્રાપ્ત થાય છે.




૩. મહાકાલેશ્વર જ્યોર્તિલિંગઃ આ જ્યોર્તિલિંગ મધ્ય પ્રદેશની ધાર્મિક રાજધાની તરીકે ઓળખાતા ઉજ્જૈન શહેરમાં સ્થિત છે. મહાકાળેશ્વર જ્યોર્તિલિંગની વિશેષતા એ છે કે તે એકમાત્ર દક્ષિણમુખી જ્યોર્તિલિંગ છે. અહીં દરરોજ સવારે પૂજા આખા વિશ્વમાં પ્રખ્યાત છે. વય વધારો અને વય સંબંધિત સંકટથી બચવા ખાસ કરીને મહાકાળેશ્વરની પૂજા કરવામાં આવે છે. ઉજ્જૈનના રહેવાસીઓ માને છે કે ભગવાન મહાકાળેશ્વર તેમના રાજા છે અને તેઓ ઉજ્જૈનનું રક્ષણ કરી રહ્યા છે.

૪.ઓમકારેશ્વરઃ ઓમકારેશ્વર જ્યોર્તિલિંગ મધ્યપ્રદેશના પ્રખ્યાત શહેર ઈંદોર નજીક સ્થિત છે. આ જ્યોર્તિલિંગ જ્યાં આવેલું છે, તે સ્થળે નર્મદા નદી વહે છે અને ડુંગરની આજુબાજુ નદી વહીને અહીં ૪ નો આકાર રચાય છે. 'શબ્દ' બ્રહ્માના મુખમાંથી આવ્યો છે. તેથી કોઈપણ ધાર્મિક ગ્રંથ અથવા વેદનું પાઠ ૭ સાથે કરવામાં આવે છે. આ જ્યોર્તિલિંગને આકાર એટલે કે, આકાર આપવામાં આવ્યું છે, જેના કારણે તે ઓમકારેશ્વર તરીકે ઓળખાય છે.

૫.કેદારનાથઃ કેદારનાથમાં જ્યોર્તિલિંગ ભગવાન શિવના ૧૨ મોટા જ્યોર્તિલિંગોમાં પણ આવે છે. તે ઉત્તરાખંડમાં આવેલું છે. બાબા કેદારનાથનું મંદિર બદ્રીનાથના માર્ગમાં આવેલું છે. કેદારનાથ સમુદ્ર સપાટીથી ૩૫૪ મીટરની ઉચાઈ પર સ્થિત છે. કેદારનાથનું વર્ણન સ્કંદ પુરાણ અને શિવ પુરાણમાં પણ જોવા મળે છે. આ મંદિર ભગવાન શિવને ખૂબ જ પ્રિય છે. કૈલાસ મહત્વનું હોવાથી શિવએ કેદાર ક્ષેત્રને પણ મહત્વ આપ્યું છે.

૬. ભીમાશંકરઃ ભીમાશંકર જ્યોર્તિલિંગ મહારાષ્ટ્રના પૂના જિલ્લામાં સહ્યાદ્રી નામના પર્વત પર સ્થિત છે. ભીમાશંકર જ્યોર્તિલિંગ મોટેશ્વર મહાદેવ તરીકે પણ ઓળખાય છે. આ મંદિર વિષે, એવું માનવામાં આવે છે કે જે ભક્ત જે આ મંદિરને દરરોજ સવારે સૂર્ય ઉગતા પછી આદરપૂર્વક જુએ છે, તેના સાત જન્મોનાં પાપો દૂર થાય છે અને તેમના માટે સ્વર્ગ તરફ જવાના માર્ગ ખુલી જાય છે.

૭. કાશી વિશ્વનાથઃ વિશ્વનાથ જ્યોર્તિલિંગ ભારતના ૧૨ જ્યોર્તિલિંગોમાંનું એક છે. તે ઉત્તર પ્રદેશના કાશી નામના સ્થળે સ્થિત છે. કાશી તમામ ધાર્મિક સ્થળોમાં સૌથી વધુ મહત્વ ધરાવે છે. તેથી, તમામ ધાર્મિક સ્થળોએ કાશીનું ખૂબ મહત્વ હોવાનું કહેવાય છે. આ સ્થાનની માન્યતા એ છે કે હોલોકોસ્ટ પછી પણ, આ સ્થાન રહેશે. તેની સુરક્ષા માટે, ભગવાન શિવ આ સ્થાન તેમના ત્રિશૂળ પર રાખશે અને જ્યારે હોલોકોસ્ટ ટળી જાય ત્યારે કાશીને તેની જગ્યાએ પાછો મૂકશે.

૮.ત્ર્યંબકેશ્વરઃ આ જ્યોર્તિલિંગ ગોદાવરી નદીની નજીક મહારાષ્ટ્ર રાજ્યના નાસિક જિલ્લામાં સ્થિત છે. આ જ્યોર્તિલિંગની નજીકમાં બ્રહ્મગિરિ નામનો પર્વત છે. ગોદાવરી નદી આ પર્વતથી શરૂ થાય છે. ભગવાન શિવનું એક નામ ત્ર્યંબકેશ્વર પણ છે. એવું કહેવામાં આવે છે કે ગૌતમ ઋષિ અને ગોદાવરી નદીના આગ્રહથી ભગવાન શિવને અહીં જ્યોર્તિલિંગ સ્વરૂપે રોકાવું પડ્યું હતું.

૯.વૈદ્યનાથઃ શ્રી વૈદ્યનાથ શિવલિંગને તમામ જ્યોર્તિલિંગોની ગણતરીમાં નવમાં ક્રમ આપવામાં આવ્યો છે. ભગવાન શ્રી વૈદ્યનાથ જ્યોર્તિલિંગનું મંદિર જ્યાં આવેલું છે તેને વૈદ્યનાથ ધામ કહે છે. આ સ્થાન ઝારખંડ રાજ્ય (અગાઉના બિહાર) ના દેવઘર જિલ્લામાં આવે છે.

૧૦. નાગેશ્વર જ્યોર્તિલિંગઃ આ જ્યોર્તિલિંગ ગુજરાતની સીમમાં દ્વારકા સ્થાને સ્થિત છે. શાસ્ત્રોમાં, ભગવાન શિવ સર્પોના દેવ છે અને નાગેશ્વરનો સંપૂર્ણ અર્થ સર્પનો દેવ છે. ભગવાન શિવનું બીજું નામ પણ નાગેશ્વર છે. નાગેશ્વર જ્યોર્તિલિંગ પણ દ્વારકા પુરીથી ૧૪ માઈલ દૂર છે. આ જ્યોર્તિલિંગના મહિમામાં કહેવામાં આવ્યું છે કે જે વ્યક્તિ અહીં પૂર્ણ ભક્તિ અને શ્રદ્ધાથી મુલાકાત લે છે તેની બધી ઈચ્છાઓ પૂર્ણ થાય છે.

૧૧.રામેશ્વરમ જ્યોર્તિલિંગઃ આ જ્યોર્તિલિંગ તમિલનાડુ રાજ્યના રામાનાથપુરમ નામના સ્થળે સ્થિત છે. ભગવાન શિવના ૧૨ જ્યોર્તિલિંગોમાંના એક ઉપરાંત, આ સ્થાન હિન્દુઓના ચાર ધામોમાંનું એક પણ છે. આ જ્યોર્તિલિંગ વિશે એવી માન્યતા છે કે તેની સ્થાપના ભગવાન શ્રી રામ પોતે જ કરી હતી. ભગવાન રામ દ્વારા સ્થાપિત થવાને કારણે, આ જ્યોર્તિલિંગને ભગવાન રામ, રામેશ્વરમ નામ આપવામાં આવ્યું છે.
૧૨.ધૃર્ણેશ્વર મંદિરઃ ધૃર્ણેશ્વર મહાદેવનું પ્રખ્યાત મંદિર મહારાષ્ટ્રના ઓરંગાબાદ શહેર નજીક દૌલતાબાદ નજીક આવેલું છે. તે ધૃર્ણેશ્વર અથવા ઘુશ્મેશ્વર તરીકે પણ ઓળખાય છે. દૂર-દૂરથી લોકો અહીં દર્શન કરવા અને આધ્યાત્મિક શાંતિ મેળવવા આવે છે. ભગવાન શિવના ૧૨ જ્યોર્તિલિંગોમાં આ છેલ્લું છે. બૌદ્ધ સાધુઓ દ્વારા બનાવવામાં આવેલી પ્રખ્યાત એલોરા ગુફાઓ આ મંદિરની નજીક સ્થિત છે. તે શ્રી એકનાથજી ગુરુ અને શ્રી જનાર્દન મહારાજની સમાધિ પણ છે.

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# નાગવીરી ગામે ૯૦૦ દીકરીઓનું સન્માન કરવામાં આવ્યું



મહેશ એલ.સોની નખત્રાણા

નાગવીરી ગામે ચાલી રહેલા શ્રી લક્ષ્મી નારાયણ નૂતન મંદિર ના ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત આજે બીજા દિવસે કચ્છ મોરબી ના સાંસદ વિનોદભાઈ ચાવડા, નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવનાબેન પટેલ, નખત્રાણાતાલુકા પંચાયત પૂર્વ પ્રમુખશ્રી જયસુખભાઈ પટેલ,નખત્રાણા ભાજપ મહામંત્રી શ્રી હરિસિંહ રાઠોડ સહિત રાજકિય અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વિનોદભાઈ ચાવડાએ પોતાનાં ઉદબોધનમાં પાટીદાર સમાજનાં વતન પ્રેમને બિરદાવ્યા હતા.

બપોરે ૨:૦૦ કલાકે ગામની ૯૦૦ જેટલી નિયાણીઓનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું ત્યારબાદ દરેક નિયાણીઓનું દાતાઓ દ્વારા સભામંડપમાં વિવિધ ભેટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. અયોજન સમિતિના દેવશીભાઈ એમ. લીંબાણી, પાટીદાર સમાજ પ્રમુખ શિવજીભાઈ જી .પોકાર, ગોવિંદભાઈ એચ .લીંબાણી, રતનશીભાઈ વી .પોકાર, સમાજના મહામંત્રી હિરાલાલભાઈ કે .પોકાર સહિત અગ્રણીઓ તેમજ વિવિધ સમિતિઓના હોદ્દેદારો કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# ગાંધીનગર ટાઉન હોલ ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામા સદસ્યતા અભિયાન અંતર્ગત કાર્યશાળા યોજાઇ.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, ગાંધીનગર ટાઉન હોલ ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામા સદસ્યતા અભિયાન અંતર્ગત કાર્યશાળા યોજાઇ હતી. આ કાર્યશાળામા રાષ્ટ્રીય મહામંત્રીશ્રી રાધામોહનજી તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ પ્રદેશ સગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.આ બેઠકમા ૧ સપ્ટેમ્બરથી શરૂ થનાર સદસ્યતા અભિયાન કાર્યક્રમ અંગે માર્ગદર્શન આપવામા આવ્યું હતું. બેઠકમા જીલ્લા મહાનગરના પ્રમુખશ્રીઓ,પ્રભારીશ્રીઓ તેમજ સદસ્યતા અભિયાનના ઈન્ચાર્જશ્રીઓ તેમજ સહ ઈન્ચાર્જશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સદસ્યતા અભિયાનના ઈન્ચાર્જશ્રી તરીકે શ્રી.કે.સી.પટેલ તેમજ સભ્યશ્રીઓ તરીકે સાંસદશ્રી દિનેશભાઇ મકવાણા,પુર્વ સાંસદશ્રી રજંનબેન ભટ્ટ,ધારાસભ્યશ્રી જયરામભાઇ ગામિત, શ્રી કુલદિપભાઇ સોલંકી (પંચમહાલ), શ્રી વાઘજીભાઇ ચૌહાણ (સુરેન્દ્રનગર) તેમજ સહાયક તરીકે પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવે, સોશિયલ મીડિયા કન્વીનરશ્રી મનનભાઇ દાણી,આઇ.ટી સેલના

# લો ગાર્ડન ઠાકોર ભાઈ હોલ ખાતે વિવેક શાહ પ્રોડક્શન્સ ના નાટકો નો નાટ્યોત્સવ ૩.૦ સફળતાપૂર્વક સંપન્ન.



તાજેતર માં અમદાવાદ ખાતે ઠાકોર ભાઈ હોલ ખાતે તા.૧૩ ઓગસ્ટ થી ૧૯ ઓગસ્ટ. સાત દિવસ ૭ નાટકો રજૂ કરાયા જેમા .સાસુ મારા સુપર સ્ટાર . સસરા સધ્ધર તો અધ્ધર. લગ્ન મા લહેર છે વેવાઈ ને વેર છે. આવો કભી હવેલી પે. અંદર અંદર પોરબંદર. લગ્ન ક્યા ને લોચા પડ્યા .વિદેશી વહુ તને શુ કહુ. આ મા ૮૦ કલાકારો દ્વારા પરફોમ કયુ હતુ આ નાટ્યોત્સવ માં ગુજરાત સંગીત નાટય અકાદમી ના આર્થિક સહયોગ. અને જી.એમ.ડી.સી ના સહકાર અને કોપોરેટ કંપનીઓ દ્વારા સ્પોન્સર કરવા માં આવ્યુ હતુ .જે.કે. ઈવેન્ટ એન્ડ એડવટાઈઝીગ દવારા માર્કેટિંગ એશોશીએટ તરીકે જોડાયા હતા આ નાટ્યોત્સવ મા વિવિધ ક્ષેત્ર ના લોકો ઈફકો ના ચેરમેન દિલીપ સંઘાણી. ઠક્કર બાપા નગર ના ધારાસભ્ય કંચન બેન રાદડિયા .ભાજપ યુવા મોરચા ના પ્રમુખ પ્રશાંત કોરાટ રેડિયો જોકી આર.જે.મિત .પ્રશાંત બારોટ .જનક ઠક્કર .કલ્ચર સેલ. ભાજપ. રૂઝાન ખંભાતા હાજર રહ્યા હતા આ નાટ્યોત્સવ નુ આયોજન વિવેક શાહ. હેમલ શાહ. હાર્દિક પંચાલ દ્વારા કરવામા આવ્યુ હતુ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO- 173.**
વિષય- "કૃષ્ણમય"
શીર્ષક -" રાધા- કૃષ્ણ- રૂક્ષ્મણી"
પ્રકાર - ગદ્ય. શબ્દો - ૩૨૬.

રાધા કૃષ્ણનાં અમર પ્રેમ દ્વાપર યુગથી લઈને આજ સુધી યાદ કરવામાં આવે છે. આ અમર પ્રેમ ને આજનાં સમય માં હજુ પણ યાદ કરવામાં આવે છે.
કૃષ્ણ એટલે પ્રેમ અને પ્રેમ એટલે કૃષ્ણ. અને એ પ્રેમ એ એનાં મોરપંખ જેટલો જ રંગીન છે, કૃષ્ણને દરેકે પોતાની રીતે ચાહ્યો છે. કોઈએ ગોપી બની, કોઈએ દ્રૌપદી બની, કોઈએ મીરા, કોઈએ સુભદ્રા તો કોઈએ સુદામા બની, તો કોઈ એ રાધા બની. કૃષ્ણએ બધાંને સમભાવે સમાન પ્રેમ આપ્યો છે, પણ કૃષ્ણએ ચાહી માત્ર રાધાને છે.કૃષ્ણ ની પત્નિ એટલે રુક્મણિ. આવી પત્નિ ને મહાન ગણવી કે પ્રેયસી ને મહાન ગણવી?
રુક્મણિ એક વિદુષી, શાંત, સમજુ ને પ્રેમાળ પત્ની, કૃષ્ણની પટરાણી, એક માનીતી રાણી; પણ ખરેખર રુક્મણિ એટલે એકલતા અને એકાકીપણા વચ્ચેનાં ભેદની તુટકરેખા, પોતાનાં ને પોતીકું કરવામાં પોતાની પૂરી જિંદગી પૂરી કરતી એક પત્ની.ભલે રાધા-કૃષ્ણનાં પ્રેમની લોકો દુહાઈઓ આપે, પૂજે. પણ જોવા જઈએ તો પ્રેમ કરવો અને પત્ની બનવું અલગ છે.પ્રેમીને પ્રેમ કરવો સહેલો છે, એ માખણચોર, વાંસળી વગાડતાં, હસતાં, રમતાં એક કાનાને પ્રેમ કરવો સહેલો છે, પણ પૂર્ણપુરુષોત્તમ ગોવિંદને, જેનાં ખભે ગાયો ચરાવાની લાકડી નહિં ,સંપૂર્ણ આર્યાવર્તની જવાબદારીઓ હોય એવાં માધવને, ક્યારેક શસ્ત્ર વિના પણ જીતતાં અચ્યુતને તો ક્યારેક રણ છોડીને આવતાં રણછોડને, ક્યારેક કેશવ, તો ક્યારેક પ્રભુ, આ બધાં અલગ અલગ સ્વરૂપનાં જગદગુરુને વિના કોઈ પ્રશ્ને સમજી અને એ સમજીને વિના કોઈ વાક્યે સમજાવી પ્રેમ કરવો એ રુક્મણિ જ કરે શકે. કદાચ રાધા પણ નહિં.
પ્રેમ જેમ રાધાનાં 'વિયોગ છતાં સાથે રહેવામાં' છે તો પ્રેમ રુક્મણીનાં 'સાથે રહીને સાથે રહેવામાં' પણ છે જ, કંઈ કીધા વિના પણ 'તું સમજી જઈશ'નો વિશ્વાસ જ પ્રેમ છે ને! રાસ ન હોય, રોમાન્સ ન હોય તોય સાથે જ રહેવામાં રસ હોય એ રોમાંચક લાગણી જ પ્રેમ છે, આખી જિંદગી વાંસળીનાં સૂરો જેટલી જ મધુર ન હોય એ સ્વીકારી એના કર્કશ ઝગડાઓ પછી "એ કર્કશતાનાં" કારણ"ને દૂર કરવાની તૈયારી એટલે પ્રેમ. અને આ બધી ક્ષણોનો એક અવિભાજ્ય સરવાળો એટલે રુક્મણિ. જો મોરપંખનો મુખ્ય નીલો રંગ રાધા છે તો એ ખોસવામાં ન દેખાયેલી પણ મુખ્ય આધારભૂત એવી પંખની દાંડી એ રુક્મણિ છે.
નામ- ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 231**
વિષય જન્માષ્ટમી શીર્ષક. રાધે કૃષ્ણ
શબ્દ.૨૨૪. પ્રકાર ગદ્ય
જન્માષ્ટમી
જેનો જન્મ આપડા માટે એક તેહવાર છે એ શ્રી કૃષ્ણ ને કોઈ પૂછે તો એ કહેશે કે કઈ કેટલી વેદનાઓ છતાં ફક્ત ભક્તો માટે એને આ પૃથ્વી પર અવતરણ કર્યું.મીરા માટે વિષ પીધું તો દ્રોપદી ના ચીર પૂરીને નારીત્વ નું સન્માન કર્યું. રાધા સાથે બચપન વિતાવ્યું ને રૂક્ષ્મણી સાથે વિવાહ કર્યા પ્રેમ ની પરિભાષા શું હોય એ એમને સમજાવ્યું.સખા ભાવ નિભાવવા સુદામા ના ચરણ પખાળી ને મિત્રતા ના પાઠ શીખવ્યા .નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી ને શામળિયા સેઠ બની ને કોઈ નો વિશ્વાસ કેમ સાચવવો એ શીખવ્યું .જન્મ ભલે ને દેવકી એ આપ્યો પણ માતૃત્વ કેટલું અણમોલ છે એ યશોદા મૈયા ના લાલ બની ને શીખવ્યું.અર્જુને તો હથિયાર મૂકી દીધા હતાં પણ કર્મ જ એક સાચો સિદ્ધાંત છે જીવનનો એ ગીતા ના પાઠ આપી ને શીખવ્યું એક આખી વિદ્યાપીઠ છે આપણા શ્રી કૃષ્ણ.જેને જેવા ભાવ થી ભજ્યા એવા સ્વરૂપે એને દર્શન આપ્યાં છે આ મુરલી મનોહર એ .જ્યારે ક્યાંક મુઝવણ થાય કઈ સૂઝે નહિ તો એકવાર એનું જીવનચરિત્ર વાચી લેશો તો ખ્યાલ આવશે કે તમે ધારો તો શું ના કરી શકો બસ અર્જુન ની જેમ હથિયાર નીચે મૂકવાનું મન થાય તો ગીતા વાચી જજો પ્રેમ લાગણી સ્નેહ સમજવો હોય તો એકવાર રધેકૃષ્ણ બોલી જોજો ને મન ને આનદ થી ભરવું હોય તો બોલજો " નંદ ઘેર આનંદ ભાયો જય કનૈયા લાલકી"
લેખિકા સુચીતા રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:-226**
વિષય:-'કૃષ્ણમય'
શિર્ષક:- તમે હીંચો તો કાનપ
પ્રકાર:-પધ શબ્દો:-૧૦૪

હોપતમે હીંચો તો હીંચકે હીંચાવું ઓ કાન
હૈયામાં બાંધ્યો મેં હીંચકો
હોપ તમે ઝૂલો તો હેતે ઝૂલાવું મારા કાન
હૈયામાં બાંધ્યો મેં હીંચકો

હૈયાના હીંચકે ના મખમલ ગાલીચા (૨)
માણેક મોતી ના ચમકતા રે હીરલા(૨)
હોપ મેં ભક્તિનું આશન બીછાવ્યું હો કાન
હૈયામાં બાંધ્યો મેં હીંચકો

સોનાની ખાટ ના, ના આરસના ઓરડા(૨)
રૂપાની સાંકળ ના, ના હીરાના છે દોરડા(૨)
હોપદોરી હૈયાના હીરની ગુથાવી હો કાન
હૈયામાં બંધ્યો મેં હીંચકો

ભાવ ભરી ભક્તિ ને સેવાનાં સાંજ છે(૨)
અંદરના આતમનો એક જ અવાજ છે(૨)
હોપ તને 'મેહુલ' નાદે તને રીઝવું હો કાન
હૈયામાં બાંધ્યો મેં હીંચકો

સુભાષ ઉપાધ્યાય 'મેહુંલ'
(સુભાષચંદ્ર. ચુ. ઉપાધ્યાય. અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 352**
વિષય :- કૃષ્ણ શીર્ષક:- કૃષ્ણ એક કોયડો
શબ્દ સંખ્યા:- ૨૪૭. પ્રકાર:- ગદ્ય લેખ
"કૃષ્ણ: એક શાશ્વત કોયડો

કૃષ્ણ, ભગવાન કે મનુષ્ય? એક પ્રશ્ન જે લોકોને પ્રાચીન સમયથી વિચારવા મજબૂર કરે છે. તેની ક્રિયાઓ દરેકને આકર્ષિત કરે છે, તેના ઉપદેશોએ દરેકને પ્રભાવિત કર્યા છે.

એક દેવી, એક યોગી, એક અદ્ભુત ખેલાડી, એક પ્રવાસી, એક મિત્ર , એક પ્રેમી - કૃષ્ણ દરેક સ્વરૂપમાં તેમની અલગ ઓળખ આપે છે. તેમની વાર્તાઓ, તેમના ઉપદેશો, તેમની ક્રિયાઓ દરેકને આકર્ષિત કરે છે.

આજે પણ કૃષ્ણની લડાઈનો જાદુ લોકોને પ્રભાવિત કરી રહ્યો છે. તેમના ઉપદેશોનો હિન્દી અને સંસ્કૃતમાં અનુવાદ થયો છે. એક કૃષ્ણ સાથે, હજાર સ્વરૂપો, હજાર વાર્તાઓ, હજાર ઉપદેશો.

કૃષ્ણ: એવો માણસ જે ભગવાન બન્યો. કે પછી, ભગવાન જે મનુષ્ય બન્યો? એક પ્રશ્ન જે હજુ પણ જવાબની રાહ જોઈ રહ્યો છે.
અર્જુને કૃષ્ણને કહ્યું:

"હે કૃષ્ણ, તે યોગેશ્વર, તે ભગવાન!
તમે મારા માર્ગદર્શક છો, તમે મારા રક્ષક છો.
તમારા ઉપદેશોએ મને જીવનનો સાચો માર્ગ બતાવ્યો છે.
તમારા વિના મારી પાસે કંઈ નથી, તમે મારું સર્વસ્વ છો.

અર્જુન કૃષ્ણને પોતાના ગુરુ, રક્ષક અને ભગવાન માનતો હતો. તેમણે કૃષ્ણના ઉપદેશોનો અનુવાદ કર્યો છે અને તેમને તેમના જીવનમાં અપનાવ્યા છે.

અર્જુનની વાત પરથી તે સ્પષ્ટ થાય છે કે કૃષ્ણે તેને જીવનનો સાચો માર્ગ બતાવ્યો છે, તેને તેની ફરજની યાદ અપાવી છે અને તેને સાચા માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપી છે.

કૃષ્ણના ઉપદેશોએ અર્જુનને શીખવ્યું કે:

- જીવનમાં સાચા રસ્તે ચાલવું જોઈએ.
- કાર્ય પૂર્ણ કરવું આવશ્યક છે
- ભગવાનમાં શ્રદ્ધા હોવી જોઈએ
- જીવનનો સાચો હેતુ હોવો જોઈએ

આ રીતે જોઈએતો
કૃષ્ણ એટલે,

- "કૃષ્ણ: પ્રેમ અને દૈવી આનંદનું મૂર્ત સ્વરૂપ"
- "ધ કોસ્મિક ડાન્સ ઓફ ક્રિષ્ના: બ્રહ્માંડના રહસ્યો ખોલવા"
- "કૃષ્ણના ઉપદેશો: અર્થપૂર્ણ જીવન જીવવા માટેની માર્ગદર્શિકા.

શોભના ભટ્ટ.જૂનાગઢ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No: 357**
વિષય : 'કૃષ્ણમય' કૃષ્ણલીલા
શીર્ષક : વંદન કરું રે
પ્રકાર : પદ્ય. શબ્દો : ૪૮

જન્મ ધારણ ધર્યો મથુરા નગરીમાં,
રમત રમ્યો એ ગોકુલની શેરીઓમાં?,

વાંસળીના મધુર સુર રેલાવ્યા જગમાં,
રાસ રમ્યો એ ગોપીઓના પ્રેમમાં,

મુત્યુ આપ્યું મામા કંસના અત્યાચારોને,
રણ છોડી એ ભાગી આવ્યો દ્વારિકામાં,

કુરુક્ષેત્રમાં ખાલી હાથે યુદ્ધ જીત્યો રે,
ગીતા કહીને કર્મનો સાર બતાવ્યો રે,

અખિલ બ્રહ્માંડના એક નાથને વંદન? કરુ રે,
જગત ગુરુ એવાં શ્રીકૃષ્ણને મન ઝુકાવુ
આભાર - નિહારીકા રવિયા રે..

મનોજ નાવડીયા, જામનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 181**
વિષય : કૃષ્ણમય શીર્ષક :??ઈન્દ્રધનુષી કૃષ્ણ.... પ્રકાર : પદ્ય
શબ્દો :૫૧
લાલ- લાલ રંગના હોઠ છે એના..
કેસરી- કેસરિયા છે કેશ,
પીળો- પહેરે પીતાંબર પીળું એ તો
લીલો- બાંધે એ લીલી ખેશ,
ભૂરો- ભૂરા રંગનો ક્હાન કનૈયો
રીંગણી- રીંગણી રંગની કલગી
જાંબલી- જાંબલી રંગની પાઘડી પહેરી વાંસળી વગાડે સતરંગી,
?? કૌસુમી??રંગ માં એવો રંગાયો ભૂલીને સાનભાન
મુરલી મનોહર,ગોવિંદ,ગોપાલ, કહો કાનો કે શ્યામ
???સુરમી બધેકા, કૌસુમી??-મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 347**
વિષય:- કૃષ્ણમય. શીર્ષક:- કૃષ્ણલીલા
શબ્દો:- ૯૪. પ્રકાર:- પદ્ય

જન્મ લેવો કારાવાસમાં જાણીજોઈને,
વિખૂટા પડવું માતા પિતાથી, ક્યાં છે સહેલું આ?

છોડી રાજવૈભવનાં સુખ બાળપણથી જ,
ગામમાં ગોવાળિયા સંગ રહેવું ક્યાં સહેલું છે?

સ્તનપાનનાં બહાને કરવો ઉદ્ધાર,
પૂતના રાક્ષસીનો, ક્યાં સહેલું છે આ?

થઈ એક રાજકુંવર, જવું ગાયોને ચારવા,
કરવી માખણની ચોરી મિત્રો સંગ, ક્યાં સહેલું છે?

હોય પોતે નાનકડો બાળ, ને દર્શન કરાવવા માતાને,
પોતાનાં મુખમાં બ્રહ્માંડનાં, ક્યાં સહેલું છે?

હોય સ્વજન નિકટનાં, ને તોય કરવો પડે વધ,
કરતાં ધર્મનું પાલન, ક્યાં સહેલું છે?

સહેલું નથી આ બધું કશું, કોઈ માનવી માટે,
શક્ય બન્યું કૃષ્ણ માટે, ત્યારે જ તો મળી કૃષ્ણલીલા જગતને.??????

સ્નેહલ જાની સુરત

# વ્યાજખોરો સામેનુ અભિયાન માત્ર એક – બે મહિના માટે નથી, દાનવો સામેની લાંબી લડાઈ છે: ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

ગુજરાતમાં વ્યાજખોરોની વિરૂધ્ધ કરવામાં આવેલી કાનૂની કાર્યવાહી સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા ટુંકી મુદતના પ્રશ્નનો જવાબ આપતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતું કે, રાજ્યમાં અનેક સામાન્ય, મધ્યમ તથા ગરીબ વર્ગના પરિવારો ઘરનો પ્રસંગ સાચવવા, બાળકોના ભાવી સુરક્ષિત કરવા ઉચ્ચ શિક્ષણ માટે કે સંતાનોને વિદેશ મોકલવા સહિતના કારણોસર ક્યારેક ઉંચા વ્યાજે ધિરાણ લઇ વ્યાજખોરોના ચક્રવ્યુહમાં ફસાઇ જાય છે.

વ્યાજખોરોની ચુંગાલમાંથી આવા પરિવારોને મુક્ત કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ વિભાગની સુચનાથી ગુજરાત પોલીસે વિશેષ ડ્રાઇવના આયોજન કર્યા હતા. આ અભિયાન માત્ર એક – બે મહિના માટે જ નથી, આ તો દાનવો સામેની લાંબી લડાઇ છે.

માણસ જયારે વ્યાજના વિષચક્રમાં ફસાઈ જાય છે ત્યારે પોતાના સગા-સબંધી અને મિત્રો અંતર રાખી લે છે, લોકો દૂર ભાગે છે. તેવા સંજોગોમાં એક માત્ર આપણા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિવિધ યોજનાઓ જેવી કે (૧) પ્રધાનમંત્રી મુદ્રા યોજના (૨) બાજપાઇ બેન્કેબલ લોન યોજના (૩) પી.એમ.સ્વનિધિ યોજના (૪) કિસાન સાથી યોજના (૫) પર્સલન લોન યોજના (૬) મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (૭) વડાપ્રધાન રોજગાર નિર્માણ કાર્યક્રમ (૮) દંત્તોપંત ઠેગડી કારીગર વ્યાજ સહાય યોજના (૯) જયોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના (૧૦) માનવ કલ્યાણ યોજના (૧૧) ઔદ્યોગીક સહકારી મંડળીની પેકેજ યોજના હેઠળ લોકોને લોન અપાવી છે.

ફકત વર્ષ-૨૦૨૩માં જે લોકો વ્યાજખોરીમાં બરબાદ થઈ ગયા છે તેવા લાચાર અસહાય લોકોને મદદ કરવા માટે જુદી જુદી બેંકોની મદદથી રાજયના ૩૮ પોલીસ જીલ્લાઓમાં લોન મેળાઓનું આયોજન કરી ૨૧,૯૭૮ લોકોને રૂ.૨૬૨ કરોડની લોન અપાવવાનું ભગીરથ કામ કરવામાં આવ્યુ છે.

સમગ્ર રાજયમાં ડ્રાઇવ દરમિયાન યોજાયેલા લોક દરબાર અંગે પુછાયેલા પુરક પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા મંત્રીશ્રીએ કહ્યુ કે, રાજયના લોકો અને પોલીસ તંત્ર વચ્ચેનું અંતર ઘટે અને મુક્ત મને પોતાની ફરિયાદ પોલીસ અધિકારીઓ અને તંત્ર સામે રજૂ કરે શકે તે માટે લોકદરબારનું આયોજન કરવામાં આવે છે. વ્યાજના ધંધા સાથે સંકળાયેલા લોકોથી નાગરિકો નિર્ભય બનીને ફરીયાદ કરવા આગળ આવે અને તેમને સરકારની ધિરાણની અન્ય યોજનાઓ વિશે માહિતી મળે તે ઉદેશ સાથે આ કાર્યક્રમો યોજાય છે.

તા.૨૧/૦૬/૨૦૨૪ થી તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીની વ્યાજખોરો વિરૂધ્ધની ઝુંબેશ દરમ્યાન સમગ્ર રાજયમાં કુલ-૧૬૪૮ લોકદરબારો યોજવામાં આવ્યા હતા. જેમાં ૭૪,૮૪૮ લોકો હાજર રહ્યા હતા.

# બનાસકાંઠામાં થરાદ, ધાનેરા અને રાધનપુર થરાદ સાંચોરને જોડતા બે માર્ગોના વિસ્તૃતીકરણ માટે ૩૨ કરોડ રૂપિયા મંજૂર કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના રાહ-ચાંગડા-લુવાણા-મોરથલ તેમ જ લુવાણા-બવેરાના કુલ ૨૦.૧૦ કિલોમીટરના માર્ગને ટુ-લેન બનાવવા ૩૨ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી છે.

આ બે રસ્તાઓની પ્રવર્તમાન ૩.૭૫ મીટરની પહોળાઈને ૭ મીટર કરીને તેને ટુ-લેન બનાવવાની જરૂરિયાતને ધ્યાને લઈને મુખ્યમંત્રીશ્રીએ આ રકમ ફાળવી છે. બનાસકાંઠાના આ રસ્તાઓ થરાદ ધાનેરા તેમ જ રાધનપુર-થરાદ-સાંચોર-નેશનલ હાઈવેને જોડતા અતિ અગત્યના માર્ગો છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ રસ્તાઓના વિસ્તૃતીકરણ માટે વિધાનસભા અધ્યક્ષશ્રી અને બનાસકાંઠાના સંબંધિત જનપ્રતિનિધિઓ અને ગ્રામીણ નાગરિકોએ રજૂઆત કરી હતી.



મુખ્યમંત્રીશ્રીએ આ રજૂઆતોનો ત્વરિત અને સકારાત્મક પ્રતિસાદ આપતાં આ માર્ગોના વિસ્તૃતીકરણ માટે ૩૨ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરેલી આ રકમને પરિણામે હવે આ રસ્તાઓ ૩.૭૫ મીટરમાંથી ૭ મીટર ટુ-લેન થવાથી બનાસકાંઠાના રાહથી રાજસ્થાન જવા માટે અંદાજે ૨૫ કિલોમીટરનો ટુ લેન રોડ ઉપલબ્ધ થશે અને વાહનવ્યવહારને વધુ સરળતા થશે.

# દુ:ખો અને બીમારીનું મૂળ કારણ -સંત રાજીન્દર સિંહજી મહારાજ

આપણા બધા દુ:ખો અને કષ્ટોનું કારણ એ છે કે આપણે પ્રભુ થી દૂર થઈ ગયા છે. જ્યારે આપણે કોઈની સાથે વાત કરીએ છીએ અથવા દેખીએ છીએ કે સંસારમાં શું થઈ રહ્યું છે, ત્યારે આપણે પામીએ છીએ કે દરેક વ્યક્તિની કોઈને કોઈ સમસ્યા છે. કોઈને શારીરિક સમસ્યા છે તો કોઈને આર્થિક સમસ્યા છે, કોઈને ભાવાત્મક પીડા છે તો કોઈને સંબંધોમાં પીડા છે. જીવનની ભિન્ન ભિન્ન ગતિવિધિઓમાં થી પસાર થયેલા લોકોને કોઈ ને કોઈ સમસ્યા હોય છે.

જ્યારે આપણે બીજા લોકો સાથે વાત કરીએ છીએ ત્યારે આપણે પામીએ છીએ કે બધાંને પોતપોતાની પરિસ્થિતિ ના હિસાબથી સમસ્યા છે, જેમાંથી દરેક વ્યક્તિ પોતાની સમસ્યા સૌથી મોટી લાગે છે આપણા માટે આ સમસ્યા કદાચ કઈ માઈને ન રાખતી હોય પરંતુ સંબંધિત વ્યક્તિ માટે બહુ જ મોટી વાત હોય છે અને એને હલ કરવા માટે એ દરેક સંભવ પ્રયત્ન કરે છે.



જ્યારે જીવનની બધી કઠિનાયો નું મૂળ કારણ પ્રભુ થી દૂરી હોય તો આપણે એવું કયું કાર્ય કરીએ તો એ દૂરી દૂર થઈ જાય તેથી આપણા જીવનમાં કોઈ સમસ્યા ન રહે. જ્યારે આપણી આત્મા પ્રભુથી એકમેક થઈ જાય, ત્યારે આ દૂરી મટી જાય છે અને પછી આપણા જીવનમાં કોઈ દુ:ખ-દર્દ કે તકલીફ નથી રહેતી અને આપણે ખુશી અને આનંદની એક એવી અવસ્થા પ્રાપ્ત કરીએ છીએ જે સદા સદા રહેવાવાળી છે, જેનો કે ક્યારેય અંત નથી હોતો.

જીવનમાં કેટલી વાર બહુ બધી એવી ક્ષણો આવે છે આપણે આપણને ખુશી અને આનંદ થી ભરેલા મહેસૂસ કરીએ છીએ અને આપણને એવું લાગે છે કે બધું જ સારું થાય છે. માની લો કે આપણે ફૂટબોલ ટીમ માં છીએ. જો આપણી ટીમ જીતતી હોય તો ત્યારે આપણને બહુ જ ખુશી અને આનંદ મળે છે. એ ખુશી ભલે અડધા કલાકની, એક કલાકની, બે કલાકની અથવા ત્રણ કલાકની હોઈ શકે છે. ખુશીની આવી અવસ્થામાં આપણે આવી કોઈપણ સમસ્યાના વિષયમાં નથી વિચારતા જેનો આપણે સામનો કરીએ છીએ. ભલેને આપણને કોઈએ દુ:ખ પહોંચાડ્યું હોય, ત્યારે આપણે એ દુ:ખના વિષયમાં નથી વિચારતા. કેમ? કારણ કે આપણે આનંદ ની અવસ્થા માં હોઈએ છીએ પરંતુ થોડા ક્ષણ પછી એ ખુશી દૂર થઈ જાય છે. પરંતુ એક વાર આપણે ધ્યાન-અભ્યાસ દ્વારા આપણા અંતરમાં પ્રભુની જ્યોતિ અને શ્રુતિ થી જોડાતા આપણે આપણા અંદર અનંત ખુશી અને આનંદનો અનુભવ કરીએ છીએ જે હંમેશા-હંમેશા માટે આપણી સાથે રહે છે.

તો આવો! આપણે બધા ધ્યાન-અભ્યાસમાં પ્રતિદિવસ સમય આપીએ જેથી આપણે અંતરમાં પ્રભુથી જોડાઈ શકીએ, જેના કે આપણે અંશ છીએ. જો આપણે આવું કરીશું તો આપણે જોઇશું કે આપણું જીવન સુખ શાંતિ અને પ્રેમથી ભરપૂર થઈ જશે.

### કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાના હસ્તે બોટાદ ખાતે

# ૧૫માં નાણાપંચ, ગ્રામવિકાસ વિભાગ હેઠળના વિવિધ વિકાસલક્ષી કાર્યો તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના લોકાર્પણ, ખાતમુહૂર્ત અને વર્કઓર્ડર વિતરણ કાર્યક્રમ યોજાયો



ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય રાજ્ય કક્ષા, ભારત સરકારના મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને બોટાદ એસ.પી.કચેરી ખાતે ૧૫માં નાણાપંચ, ગ્રામવિકાસ વિભાગ હેઠળના વિવિધ વિકાસલક્ષી કાર્યો તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના લોકાર્પણ, ખાતમુહૂર્ત અને વર્કઓર્ડર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, "બોટાદની પાવન ભૂમિમાં મેઘાણીજીની સ્મૃતિ અંકિત થયેલી છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આપણાં દેશે અનેક સિદ્ધીઓ પ્રાપ્ત કરી છે. આજે દેશના વિકાસના કામોની નોંધ દુનિયા લઈ રહી છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દેશના વિકાસ માટે નાગરિકોને તમામ સુવિધાઓ મળે તે માટે સરકાર કાર્યરત છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આજે ગુજરાત વિકાસના નવા શિખરો સર કરી રહ્યું છે.×


કોરોનાકાળને યાદ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "કોરોના સમયે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ૮૦ કરોડ લોકોને મફતમાં અનાજ આપવાનું ઉમદા કાર્ય હાથ ધરાયું હતું. યુવાનો, છેવાડાના જરૂરિયાતમંદ લોકો સહિત તમામ નાગરિકો માટે સરકાર નિરંતર કાર્યરત છે. નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં મહિલા સશક્તિકરણ માટે સ્વસહાય જૂથ દ્વારા આજે બહેનો આત્મનિર્ભર બની છે. ૧૩ કરોડથી વધુ શૌચાલયો બનાવીને બહેનોની મુશ્કેલી દૂર કરી છે.આજે વિશ્વમાં ભારત દેશની અર્થવ્યવસ્થા પાંચ ક્રમે પહોંચી છે, આગામી દિવસોમાં દેશની અર્થવ્યવસ્થાને ત્રીજા ક્રમે પહોંચાડવાનો વડાપ્રધાનશ્રીનો દ્રઢ નિશ્ચય છે. શહેરોની જેમ ગામડાંઓનો પણ વિકાસ થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર આજે ઘર-ઘર સુધી પહોંચી રહ્યું છે."

એસ.પી. કચેરી ખાતે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનને ખુલ્લુ મુકતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ×આજે લોકો નીડર બનીને પોલીસ સ્ટેશન ખાતે પોતાની ફરિયાદો લઈને આવી રહ્યા છે. લોકો સમક્ષ વિશ્વાસ કેળવવામાં બોટાદ પોલીસને સફળતા મળી છે. બોટાદ સાયબર ક્રાઈમ વિભાગ ઝીરો પેનડેન્સી સાથે ઉમદા કામગીરી કરી રહ્યું છે.જિલ્લા પંચાયત પણ સરકારની યોજનાઓનો લાભ તમામ જરૂરિયાતમંદ નાગરિકોને મળે તે રીતે કાર્ય કરે છે."

આ કાર્યક્રમમાં મંત્રીશ્રીના વરદ હસ્તે સરકારશ્રીના જિલ્લા પંચાયત હસ્તકના ૧૫મું નાણાંપંચ, બાંધકામ વિભાગ, સમાજ કલ્યાણ, ખેતીવાડી, સિંચાઈ વિભાગ તેમજ ગ્રામ વિકાસ વિભાગની મનરેગા યોજના, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ, પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ, મિશન મંગલમ (દ્વઈન્સ)ના કુલ ૫૩૫ કામોના કુલ રૂ. ૨૪૦૩.૫૭૩ લાખના કામોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત, વર્ક ઓર્ડરનું વિતરણ અને લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની સ્વાગત વિધિ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુડાનીયા દ્વારા કરવામાં આવી હતી, જ્યારે આભાર વિધિ જિલ્લા વિકાસ એજન્સીના નિયામકશ્રી પટેલ દ્વારા કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રતિકરૂપે હાજર રહેલા કુલ ૧૧ લાભાર્થીઓને વિવિધ લાભોનું વિતરણ કરાયું હતું. આ વેળાએ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે.એફ.બળોલીયાએ જિલ્લા પોલીસ વિભાગની સિદ્ધીઓ વર્ણવીને પ્રાસંગોચિત પ્રવચન કર્યું હતું.

પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના ઓડિટોરીયમમાં યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જેઠીબેન પરમાર, જિલ્લા કલેક્ટરશ્રી ડો.જીન્સી રોય, નિવાસી અધિક કલેક્ટરશ્રી પી.એલ.ઝણકાત સહિતના અધિકારીશ્રીઓ, જિલ્લાના પદાધિકારીશ્રીઓ-અગ્રણીશ્રીઓ, વિવિધ ગામોના સરપંચશ્રીઓ, લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



**સારસ્વત સ્વજન મુરબ્બી ની વિદાય. લાભશંકર પુરોહિત,સાહિત્ય માં ઝીણવટ થી અવલોકન અને સમીક્ષા કરનારા અધ્યાપક,અભ્યાસી અને તથ્ય મુલક વિદ્વાન. મારા તો બહા ઉ દ્દીન કોલેજ માં એક વર્ષ અધ્યાપક પણ હતાં. ગુજરાત સાહિત્ય અકાદમી અંતર્ગત મેઘાણી સન્માન અમે અર્પિત કર્યું હતું. સન્માન તેમના થી શોભિત રહેતુ. વૈષ્ણવ પરંપરા ના પ્રતીક. આજે (૨૧) તેમનું અવસાન ગુજરાત ની સાહિત્ય સમૃદ્ધિ મા મૂલ્યવાન ઉમેરણ કરનાર "પંડિત "ની ખોટ નો અનુભવ કરાવે છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્મા ને પરમ શાંતિ અર્પો.**

# નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેંન્ટર દ્વારા જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમીનાર યોજવામાં આવ્યો



ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ,ગુજરાત સરકાર) પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની શાળાઓ માટે જિલ્લા કક્ષાના સાયન્સ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે "કૃત્રિમ બુદ્ધિમત્તાઃ શક્યતાઓ અને સમસ્યાઓ "વિષય પર વિદ્યાર્થીઓ પી.પી.ટી અને ચાર્ટના માધ્યમ ધ્વારા રજૂઆત કરી હતી. સ્પર્ધાના મુખ્ય મહેમાન અને નિર્ણાયક તરીકે સરકારી વિજ્ઞાન કોલેજ,બાવળાના પ્રોફેસર ડૉ.ઉમેશ તળપદા અને સરકારી વિજ્ઞાન કોલેજ,ગાંધીનગરના પ્રોફેસર ચેતન સંગાણી તેમજ નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સાયન્સ સેમીનારમાં ગાંધીનગર જિલ્લાની જુદી જુદી શાળાઓના ૩૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિષયને અનુરૂપ પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રથમ ક્રમે રુદ્ર નાયક(અંબા સ્કુલ ફોર એક્ષલન્સ ), દ્વિતીય ક્રમે હર્ષ ફૂલતરીયા (આર.એન.પટેલ પ્રાથમિક સ્કુલ ) અને તૃતિય ક્રમે કાવ્યા આર. ઠાકોર (ડીગુંચા પ્રાથમિક શાળા ) વિજયી બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓ તેમજ ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં. પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા થયેલા સ્પર્ધક આગામી સમયમાં ગુજકોસ્ટ દ્વારા યોજાનાર રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના શ્રી શિવાંગ પટેલ,શ્રી હાર્દિક ભટ્ટ,શ્રી. હાર્દિક મકવાણા સક્રિય સહયોગ પૂરો પાળ્યો હતો.

# ડાંગ જિલ્લામાં પીસી એન્ડ પીએનડીટી એક્ટ અન્વયે એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઇ



આહવા-ડાંગ

PC &PNDT Act - ૧૯૯૪ અંતર્ગત તારીખ ૨૨/૮/૨૦૨૪ ના રોજ ડિસ્ટ્રીક્ટ એડવાઇઝરી કમિટીના અધ્યક્ષ શ્રીમતી સુનિતાબેન બાગુલના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રીક્ટ એડવાઇઝરી કમિટીની બેઠક યોજવામા આવી હતી.

આ બેઠકમાં જિલ્લામાં આવેલ હોસ્પિટલોના રજીસ્ટ્રેશન, હોસ્પિટલના સ્થળ બદલી તથા તબીબોને સોનોગ્રાફી મશીનના ઉપયોગ કરવા માટે મળેલી અરજીઓની વિગતો મેળવી આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા સોનોગ્રાફી સેન્ટરોની તપાસણી અંગેની ચર્ચા કરવામાં આવી.

પીસી એન્ડ પીએનડીટી એક્ટના અમલીકરણ તેમજ જિલ્લાના જાતિ પ્રમાણદર બાબતે સમીક્ષા કરી જિલ્લામાં નોંધાયેલ તમામ ડોક્ટરોને પીસી એન્ડ પીએનડીટી એક્ટ હેઠળ થયેલ જોગવાઈઓ, નિયમોના ચુસ્તપણે અમલીકરણ કરવા જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરિટી અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.હિમાશું ગામીત દ્વારા સૂચનો કરવામાં આવ્યા હતા.

જિલ્લા એડવાઈઝરી કમિટીની આ બેઠકમાં સુશ્રી અનુરાધા ગામીત જી, તાલુકા આરોગ્ય અધિકારી, ડો. નિલકેતુ પટેલ, ઇ.ચા.તાલુકા આરોગ્ય અધિકારી, સુબીર, ડો.દિલિપ ચૌધરી બાળરોગ નિષ્ણાત, સિવીલ હોસ્પિટલ, આહવા, ડો.ધારા પટેલ સ્ત્રીરોગ નિષ્ણાત સિવીલ હોસ્પિટલ, આહવા, શ્રી નિતિન પંડિત અને શ્રીમતી નિલાબેન પટેલ, આગાખાન સંસ્થા આહવા, શ્રી પટેલ ઉમાકાન્ત જી, PC&PNDT Act, પ્રોગ્રામ આસીસ્ટંટ, આરોગ્ય શાખા સહિતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રજાલક્ષી પ્રશ્નો દાખલ કરવામાં નથી આવતા, ત્યારે આ લોકશાહીના મંદિરમાં બહુમતીના જોરે આ સરકાર લોકશાહીની હત્યા કરી રહી છે. : અમિત ચાવડા

વિધાનસભા ખાતે પ્રેસ-મીડિયાને સંબોધન કરતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, જનતાના ટેક્ષના પૈસાથી આ સરકારની તિજોરી ભરાય છે, સરકારનું બજેટ બને છે, લોકશાહીનું મંદિર વિધાનસભા ગૃહમાં જે પણ કાર્યવાહી થાય તેનો ખર્ચ એ પ્રજાના ટેક્ષના પૈસામાંથી થાય છે. મુખ્યમંત્રી, મંત્રીમંડળ અને બધા જ અધિકારીઓનો પગાર પણ પ્રજાના ટેક્ષના પૈસાથી ચૂકવાય છે. એ લોકશાહીના મંદિરમાં પ્રજાને પડતી તકલીફો, સમસ્યાઓ પીડાઓ, પ્રજાના ટેક્ષના પૈસે જે ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે, ગેરવહીવટ થઇ રહ્યો છે. જ્યારે પ્રજા વતી વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો રજુ કરે તે પ્રશ્નોની ચર્ચા થાય તો પ્રજાની સાચી તકલીફ, દર્દ, સમસ્યાઓ, ભ્રષ્ટાચાર ગેરવહીવટ ઉજાગર થાય. ભ્રષ્ટાચારમાં રાચતી સરકાર અને ભાજપના શાસનમાં ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની ગયો છે.

ભાજપના મળતિયાઓ દ્વારા જે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે એને છુપાવવાનો પ્રયાસ થઇ રહ્યો છે, એની કોઈ ચર્ચા ના થાય, ભ્રષ્ટાચાર, ગેરવહીવટ ખુલ્લો ના પડી જાય એટલે આ સરકાર ચર્ચા કરવાથી ભાગી રહી છે. કોંગ્રેસ તરફથી ભ્રષ્ટાચારના, ગેરવહીવટના મુદ્દાઓ, પ્રશ્નો પૂછ્યા હતા, રાજકોટ અગ્નિકાંડના પીડિતોની વાત, મુલસાણા, ડુમ્મસ કે ગૌચરની જમીનના પ્રશ્નો, સાયકલની ખરીદીમાં થયેલ ભ્રષ્ટાચારની વાત, કેવડિયામાં આદિવાસી યુવાનોની હત્યાની વાત, ગુજરાતમાં ઠેરઠેર પકડાયેલ ડ્રગ્સ - દારૂની વાત, પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ અને પેપર ફૂટવાની વાત, ઈ-છ માં ભરતીની વાત, અને આખા ગુજરાતમાં ચારે તરફ થઇ રહેલ ભ્રષ્ટાચાર, ગેરવહીવટને ઉજાગર કરવાની વાત હોય, આ તમામ કોંગ્રેસે ઉઠાવેલા પ્રશ્નો દાખલ કરવામાં નથી આવતા, પરંતુ સરકારની વાહવાહી કરવાવાળા, સરકારને ખોટી રીતે પ્રોત્સાહીત કરવાવાળા પ્રશ્નો દાખલ કરીને ગૃહને ચલાવવાનો પ્રયત્ન થાય છે.

લોકશાહીમાં વિપક્ષ પ્રજાનો અવાજ છે એનું ગળું



દબાવવાનું, લોકશાહીની હત્યા કરવાનું કામ અત્યારે લોકશાહી, ન્યાયના મદિરમાં થઇ રહ્યું છે. દાહોદમાં નકલી એન.એ.ના હુકમો કરીને આશરે ૩૦૦૦ કરોડની જમીનોનું કૌભાંડ થયેલ તેનો પ્રશ્ન દાખલ કરવામાં આવે છે, અધ્યક્ષની ઓફિસમાંથી દાખલ કરવામાં આવે છે. પરંતુ મંત્રી લખે છે કે અમે આનો જવાબ નહિ આપીએ. સાયકલની ખરીદીમાં કરવામાં આવેલ ભ્રષ્ટાચારની વાત અધ્યક્ષની કચેરીમાંથી દાખલ કરવામાં આવે છે મંત્રી કહે અમે એનો જવાબ નહિ આપીએ. ડ્રગ્સનો પ્રશ્ન દાખલ થાય પરંતુ મંત્રી જવાબ આપતા નથી. એનો સ્પસ્ટ મતલબ છે કે ગુજરાતમાં જેટલો પણ ભ્રષ્ટાચાર, ગેરવહીવટ ચાલે છે એ ભાજપની સરકારમાં બેઠેલા લોકોના આશીર્વાદ અને મિલીભગતથી ચાલે છે. એ ભ્રષ્ટાચાર ગેરવહીવટ છુપાવવા માટે એની ચર્ચા ના થાય પ્રજાની તકલીફ, દર્દ, સમસ્યાઓ વિપક્ષ રજુ ના કરી શકે એટલા માટે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોના પ્રશ્નો નામંજુર કરવામાં આવે છે. વિપક્ષ દ્વારા દસ દિવસનું સત્ર બોલવાની માંગણી કરી હતી પરંતુ ચર્ચામાંથી ભાગતી આ સરકાર પોતાનો ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ છુપાવવામાં માટે ફક્ત બતાવવા પુરતું ત્રણ દિવસનું સત્ર બોલાવે છે, વિપક્ષના ધારાસભ્યોને બોલવાની તક નથી આપતા, પ્રજાલક્ષી પ્રશ્નો દાખલ કરવામાં નથી આવતા, ત્યારે આ લોકશાહીના મંદિરમાં બહુમતીના જોરે આ સરકાર લોકશાહીની હત્યા કરી રહી છે. એના વિરોધમાં પ્રજાના અવાજને રજુ કરવાની તક નથી આપતા અને કોંગ્રેસના પ્રશ્નોને કાઢી નાખવામાં આવે છે એના વિરોધમાં આજે વોકઆઉટ કર્યો છે.

# ડાંગ જિલ્લાના આહવા એસ.ટી ડેપોએ એક દિવસમાં મેળવી રેકોર્ડ બ્રેક આવક




આહવા-ડાંગ

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલા એસ.ટી. ડેપોએ તારીખ ૨૧/૮/૨૦૨૪ના રોજ, ફક્ત એક જ દિવસમાં કુલ રૂ.૫ લાખ ૯૮ હજાર ૧૮૩ જેટલી માતબર આવક મેળવી હતી. જે આજદિન સુધીની એસ.ટી.ની દૈનિક આવકનો નવો સીમાચિન્હ છે.

એસ.ટી. ડેપો મેનેજર શ્રી કિશોરસિંહ પરમારે આ અધધ.. આવક મેળવવા માટે, ડેપોનાં સૌ કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આહવા એસ.ટી. ડેપો 'બી' કક્ષાનો હોઈ, અહિં માત્ર ૪૩ જેટલા જ બસના સિડ્યુલો હોવાની સાથે તેનું સંચાલન પણ મર્યાદિત કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

વલસાડ વર્તુળના વિભાગીય નિયામક શ્રી એન.એસ.પટેલ અને આહવા એસ.ટી. ડેપો મેનેજરશ્રીનાં હકારાત્મક પ્રયાસો થકી, પ્રવાસીઓની જુદી જુદી માંગણીઓ સંતોષવામાં આવી રહી છે. જેમાં આહવા એસ.ટી. ડેપો દ્વારા આગામી દિવસોમાં ૬ થી ૭ જેટલાં બસ સિડ્યુલની લોક માંગણીની દરખાસ્ત કરવામાં આવી છે. જેથી આવનાર દિવસોમાં જિલ્લાની મુસાફર જનતાને મહત્તમ સુવિધાઓ મળી રહેશે, તેમ શ્રી કિશોરસિંહ પરમારે જણાવ્યું હતું.

# શ્રી સંસ્કારતીર્થ શૈક્ષણિક સંકુલ બોટાદ ખાતે ઉજવાયો પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ



આજ રોજ શ્રી સંસ્કારતીર્થ શૈક્ષણિક સંકુલ ખાતે ચિત્રકુટ બીજ બેંક , ફોરેસ્ટ વિભાગ અને ઈકો ક્લબ બોટાદનાં સંયુક્ત ઉપક્રમે ★પર્યાવરણ અને આપણે★ કાર્યક્રમ અંતર્ગત પર્યાવરણ જાગૃતિ , રોપા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અભણ શિક્ષક અને ગળોમેનની ઓળખ ધરાવતા શ્રી દિગુભા ચુડાસમા, સંસ્કાર સ્કુલનાં સંચાલક શ્રી રમેશભાઈ પાટીવાળા તથા શાળાનાં ટ્રસ્ટી શ્રી અશોકભાઈ ચડોતરા સાહેબ તથા સુનિલભાઈ ચડોતરા ઉપસ્થિત રહ્યા હતાં. વક્તા શ્રી દિગુભા ચુડાસમા સાહેબે વિદ્યાર્થીઓને સરળ અને વ્યવહારુ ભાષામાં ગમ્મત સાથે પર્યાવરણ જાગૃતિ વિશે માર્ગદર્શન આપ્યું હતું. શાળાનાં વિદ્યાર્થીઓ પર્યાવરણ જાળવણી અંગે પ્રતિજ્ઞા લઈને સંકલ્પબધ્ધ થયાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાનાં શિક્ષક યોગેશભાઈ સતાણી, આભાર વિધિ હિનાબહેન કણઝરીયા અને સંચાલન પારેખ લાલજીભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.